દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

મંગળવાર ૨૩ જાન્યુઆરી, ૨૦૨૪

સંઘર્ષો છતાં ભારતના અર્થતંત્રનો દેખાવ સારો રહ્યો છે

છેલ્લા ચારેક વર્ષથી વૈશ્વિક અર્થતંત્ર જાત જાતની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. ખાસ કરીને વર્ષ ૨૦૨૦ની શરૂઆતમાં કોરોનાવાયરસનો વૈશ્વિક રોગચાળો શરૂ થયો ત્યારથી વિશ્વના અર્થતંત્રમાં મોટા પાયે મુશ્કેલીઓની શરૂઆત થઇ. કોરોનાવાયરના રોગચાળાને કારણે ભારત સહિત અનેક દેશોએ લોકડાઉન જેવા નિયંત્રણા નાખવા પડ્યા, જેના કારણે તેમના અર્થતંત્રોમાં જાત જાતની મુશ્કેલીઓ ઉભી થઇ. જો કે આ નિયંત્રણો હળવા બનાવાયા તે પછી અને રોગચાળો પણ ધીમો પડવા માંડ્યો તે પછી દેશોમાં આર્થિક રિકવરી આવવા માંડી. ભારતીય અર્થતંત્રમાં એકંદરે ઝડપથી રિકવરી આવી. જો કે કોરોનાવાયરસજન્ય કોવિડ-૧૯નો રોગચાળો હજી પુરો શમ્યો ન હતો કે ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાએ યુક્રેન પર આક્રમણ કરી દીધું અને રશિયા-યુક્રેન યુદ્ધે ફરી એક વાર વૈશ્વિક અર્થતંત્રમાં વમળો જન્માવ્યા. જો કે આ સમયે ભારતનું અર્થતંત્ર ખાસ હચમચ્યું નહીં. ભારતનો મજબૂત આર્થિક પાયો તેને ઘણી વૈશ્વિક વિપરીત ઘટનાઓ વચ્ચે ટકાવી રાખે છે. વૈશ્વિક વિપરીત ઘટનાઓને કારણે ભારતનો રૂપિયો ઘણો ઘસાયો ખરો, અને તેને કારણે તેના વિદેશી હુંડીયામણ અનામત ભંડોળને પણ અસર થઇ, પરંતુ હાલમાં આવેલા અહેવાલ જણાવે છે કે ભારતની વિદેશી હુંડીયામણ અનામત ભંડોળની રીતે સ્થિતિ ફરી મજબૂત થઇ ગઇ છે.

ભારતનું વિદેશી ચલણોનું અનામત ભંડોળ આ ૧૨ જાન્યુઆરીએ પૂરા થયેલા સપ્તાહના રોજ ૧.૬૩૪ અબજ ડોલરનો કૂદકો મારીને ૬૧૮.૯૩૭ અબજ ડોલર થયું છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ શુક્રવારે જણાવ્યું હતું. અગાઉના રિપોર્ટિંગ સપ્તાહમાં ભારતના વિદેશી હુંડીયામણની કુલ અનામતો ૫.૮૯ અબજ ડોલરથી તીવ્ર રીતે ઘટીને ૬૧૭.૩ અબજ ડોલર થઇ હતી. દેશનું વિદેશી ચલણોનું અનામત ભંડોળ ઓક્ટોબર ૨૦૨૧માં ૬૪૫ અબજ ડોલરની ઓલ ટાઇમ હાઇ સપાટી પર પહોંચ્યું હતું. જો કે ગયા વર્ષે કેટલીક વૈશ્વિક ઘટનાઓને કારણે દબાણ હેઠળ આવી ગયેલા આપણા ભારતીય રૂપિયાને બચાવવા માટે રિઝર્વ બેન્કે વિદેશી ચલણોને કામે લગાડતા આ વિદેશી હુંડીયામણોનું અનામત ભંડોળ ખૂબ ગગડી ગયું હતું. રૂપિયાને વધુ ગગડતો અટકાવવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ ડોલર વેચવા પડ્યા હતા અને આને પરિણામે ભારતનું વિદેશી હુંડિયામણ અનામત ભંડોળ ગગડી ગયું હતું. જો કે બાદમાં તે ફરીથી વધવા માંડ્યું હતું. ૧૨ જાન્યુઆરીના રોજ પુરા થતા સપ્તાહે વિદેશી ચલણોની

મિલકતો - કે જે અનામતોનો એક મોટો ભાગ છે તે ૧.૮૫૯ અબજ ડોલર વધીને ૫૪૮.૫૦૮ અબજ ડોલર થઇ છે એમ આંકડાઓ જણાવે છે. જેને ડોલરમાં દર્શાવવામાં આવે છે તે વિદેશી ચલણોની મિલકતો પર અમેરિકી ડોલર સિવાયના ચલણો જેવા કે યુરો, પાઉન્ડ અને યેન વગેરેના મૂલ્ય વધારા કે ઘસારાની પણ અસર થતી હોય છે જે ચલણો વિદેશી હુંડિયામણ અનામત તરીકે રાખવામાં આવે છે. આ સપ્તાહ દરમ્યાન દેશની સોનાની અનામતો ૨૪૨ મિલિયન ડોલર ઘટીને ૪૭.૨૪૭ મિલિયન ડોલર થઇ છે એમ આરબીઆઇએ જણાવ્યું છે. જ્યારે દેશના સ્પેશ્યલ ડ્રોઇંગ રાઇટ્સ(એસડીઆર્સ) ૧૨૦ લાખ ડોલર વધીને ૧૮.૩૧ અબજ ડોલર થયા છે એમ મધ્યસ્થ બેંકે જણાવ્યું છે. ભારતની આઇએમએફ પાસેની અનામત સ્થિતિઓ આ રિપોર્ટિંગ વીકમાં ૬૦ લાખ ડોલર વધીને ૪.૮૭૨ અબજ ડોલર થઇ છે એમ આરબીઆઇના ડેટા વધુમાં જણાવે છે. આ આંકડાઓ સૂચવે છે કે દેશનું અર્થતંત્ર એકંદરે સારી સ્થિતિમાં છે અને વિદેશી હુંડીયામણ અનામત ભંડોળની રીતે દેશની સ્થિતિ ફરી મજબૂત થઇ છે.

અહીં એ નોંધપાત્ર છે કે કોવિડના રોગચાળા પછી ભારતના અર્થતંત્રની રિકવરી ઘણી સારી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં તો ભારતનો જીડીપી વિકાસ દર ૯.૫ ટકા જેટલો રહ્યો હતો. હાલમાં પણ ભારત મજબૂત રિકવરી બતાવી રહ્યું છે અને તેણે અન્ય મોટા ભાગના અર્થતંત્રોને વિકાસની ઝડપની બાબતમાં પાછળ મૂકી દીધા છે. સરકારે ભરેલા પ્રોત્સાહક પગલાઓ, ગ્રાહક માગમાં થયેલો સુધારો અને વધેલું ઔદ્યોગિક ઉત્પાદન જેવા પરિબળોના મિશ્રણથી આ શક્ય બની શક્યું છે અને તે સાથે જ ભારતના વિશાળ બજારને કારણે આકર્ષાતી વિદેશી કંપનીઓ અને આકર્ષાતું વિદેશી રોકાણ પણ તેને મદદરૂપ થઇ રહ્યા છે.

મેં નક્કી કર્યું છે

એક આંટી નામ રજની બહેન હંમેશા રહે હસતા અને હસાવતા ...એવું નથી કે તેમના જીવનમાં તેઓ હંમેશા સુખ જ જોયું છે એટલે સદા હસતા રહે છે.... જીવન એમનું પણ અઘરું રહ્યું છે પતિનો સાથ વહેલો છૂટી ગયો ..ત્રણ બાળકોની જવાબદારી ..યુવાન વિધવા પર સમાજના દબાણો અને લાંછનો.સાવ ગરીબ ન હતા, પતિનો નાનકડો બીઝનેસ હતો..રજની બહેન ભણેલા હતા ,પતિના ગયા પછી બીઝનેસ તેમણે સંભાળી લીધો , હિંમત રાખી આગળ વધતા રહ્યા.ત્રણ બાખોને સારી રીતે ઉછેર્યા.બસ એક સૌથી સુંદર ખૂબી તેમના હોઠો પર હાસ્ય અને ચહેરા પર મક્કમ હિંમત ક્યારેય ઓછી ન થઈ.

લોકો વાતો કરે કે પાછળથી નિંદા કરે તેઓ હસતા જ રહ્યા.એક દિવસ એક કાર્યક્રમમાં રજની બહેન પોતાની ટેવ મુજબ હસતા હસાવતા પોતાના બિઝનેસના શરૂઆતના દિવસોની ભૂલી વિષે વાત કરી રહ્યા હતા.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક બહેને ખોટી ચિંતા દેખાડતા કહ્યું, 'વાહ રજની બહેન, સારું કહેવાય તમે બીઝનેસ શીખી ગયા. નહિ તો તમારું અને બાળકોનું શું થાત?? કોની પાસેથી શીખ્યા ??'તેમના આવું બોલવામાં કટાક્ષ હતો. રજનીબહેને હસીને વાત ન સાંભળી કરી અને પોતાની વાતો કરવા લાગ્યા. રજનીબહેનની નાની બહેને કહ્યું, 'દીદી, પેલા બહેન શું કહેવા માંગતા હતા?? તને ગુસ્સો નથી આવતો લોકોની આવી વાતોથી કે તું હસીને આગળ વધી ગઈ.'

રજનીબહેન બોલ્યા, 'બહેન મારી , મેં આમ લોકોની વાતો સાંભળીને તેમણી વાતોની પાછળ છુપાયેલા અર્થો સમજીને ગુસ્સે થવાનું ...ચિંતા કરવાનું ...કે ટેન્શન લેવાનું ક્યારનું છોડી દીધું છે.હું એવી કોઈપણ બાબત વિષે ચિંતા કરતી જ નથી જે મારા કંટ્રોલમાં ન હોય ...જેને હું બદલી ન શકું. આ લોકોના વિચારો હું બદલી શકવાની નથી તેઓ શું વિચારે છે અને શું બોલે છે તે નક્કી નથી કરી શકતી કારણ કે જેને જે બોલવું હોય તે બોલે અને જેને જે વિચારવું હોય તે વિચારે... જે વસ્તુ મારા હાથમાં નથી તેનાથી મારે મારા મનને તેનાથી દુ:ખી કરવાની કોઈ જરૂર નથી.જીવનમાં સુખી થવાનો અને હંમેશા ખુશ રહેવાનો આ કીમિયો મેં અજમાવ્યો છે તું પણ અજમાવી જોજે.જે કોઇપણ વાત કે પરિસ્થિતિ કે સંજોગો આપણા હાથની બહાર હોય...જેની પર આપણો કોઈ અંકુશ ન હોય ...જે આપણે બદલી શકવાના ન હોઈએ તેના વિષે ચિંતા કરવાનો કોઈ અર્થ રહેતો જ નથી આ કોટી ચિંતા તમારા મનને જ બગાડે છે તમને જ દુ:ખી કરે છે...તેથી તેની પર ધ્યાન આપ્યા વિના ખુશ રહેવું જ સૌથી સારો રસ્તો છે.'રજની બહેન હસતા હસતા આગળ વધી ગયા.

જેમનાં ભવિષ્ય ડૂબી ગયાં હતાં તેવાં બાળકો વર્તમાનમાં ડૂબ્યાં તેનો રંજ!

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

બુદ્ધની સ્થિતપ્રજ્ઞતા મળે પછી કોઈ પણ ઘટનાથી મન વ્યથિત ન બને. જનક વિદેહીની સ્થિતિ પ્રાપ્ત થાય પછી આ સંસાર અસાર લાગે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે વર્ણવ્યાં છે તે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ ગુજરાતની પ્રજા સાંગોપાંગ આત્મસાત્ કરી ચૂકી છે. માટે જ અયોધ્યામાં ભગવાન શ્રી રામના મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા પામે તે પહેલાં જ વડોદરામાં નાવ દુર્ઘટના કારણે જેઓ રામના ચરણમાં પહોંચ્યાં છે તેનો શોક એકાદ ચર્ચા કે ચર્ચાપત્રથી આગળ નહીં જ વધે! ના, આ કટાક્ષ નથી. ચેનલોમાં ચર્ચા કરતાં કે છાપાંમાં લેખ લખતાં નિસ્બતવાળાં પત્રકારો, નાગરિકો માટે આ ચેલેન્જ છે! 'બોલો તમે કેટલી વાર બોલશો? તમે કેટલી વાર લેખ લખશો? તમે ઘટનાકેન્દ્રી બનશો કે સમગ્ર વ્યવસ્થા સામે પ્રશ્ન કરશો? ગુજરાતના આખા જ જાહેર જીવનમાં ક્યાંય તમને કાયદાનું શાસન દેખાય છે? હવે તો કુદરત પણ તમને ચમકારા બતાવીને થાકી ગઇ છે! પ્રજામાં 'વિચારવિહીનતા'નો જે વ્યાપ છે તેનું વિશ્લેષણ અને સંશોધન થવું ઘટે! રાજકારણીઓ, અધિકારીઓ, કોન્ટ્રાકટરો, સ્થાપિત હિતોનું એક વિષચક્ર સર્જાયું છે. આ આખા વાતાવરણને સમજવાની જરૂર છે! આપણી આ કોલમમાં જ આપણે લખ્યું હતું કે 'ભાજપ સત્તામાં છે પણ શાસનમાં નથી!' હજુ ગયા અઠવાડિયે જ અહીં લખ્યું હતું કે શિયાળો એટલે ખાનગી શાળા કોલેજોને આવક કમાવાનો અવસર. ઉત્તર ગુજરાતની શાળાનાં બાળકોને રાજસ્થાનમાં અકસ્માત નડયો હતો. બે વ્યક્તિનાં મૃત્યુ પણ થયાં હતાં અને હવે આ બોટ ઉલટી થવાનો અકસ્માત! એવું નથી કે ગુજરાતમાં જાહેર જીવનની દુર્ઘટનાઓ માટે ચર્ચા નથી થતી. સત્તામાં બેઠેલાં સૌ, સર્વદા સંવેદનહીન પણ નથી. મૂળ વાત એ છે કે નિર્માણાધીન પુલ તૂટી પડે, નવનિર્મિત પુલ નબળો સાબિત થાય. અને તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો પડે. નિર્માણાધિન બિલ્ડીંગોમાં સેફટીના માપદંડો ન જળવાય અને શ્રમિકો મૃત્યુને ભેટે, ગટરમાં ઊતરતા સફાઈ કામદારો આજે પણ ગુંગળાઈ મરે. તદ્દન અયોગ્ય વ્યક્તિઓ નોકરીના નિમણૂકપત્ર લઇ નોકરીમાં ગોઠવાઈ જાય! વડા પ્રધાન કાર્યાલય કે મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારી બનીને ગઠિયાઓ બી.એસ.એફ. કેમ્પ કે મોટા મોટા સમારંભોમાં ઘૂસી જાય. આ તમામ ઘટનાઓની જયાં સુધી જુદી જુદી ચર્ચા કરીશું ત્યાં સુધી તેના મૂળમાં જઇ શકાશે નહીં. ઉકેલ શોધી શકાશે નહીં! જો આપણે નિસ્બતપૂર્વક આવી દુર્ઘટનાઓને અટકાવવા માંગીએ છીએ તો સૌ પ્રથમ આ બધી જ ઘટનાઓને એક ક્રમમાં મૂકીને જોવાની જરૂર છે. એ શોધવાની જરૂર છે કે કયું કારણ આ તમામ ઘટનાઓમાં 'સામાન્યતઃ દ્વારકાથી બેટ દ્વારકા જતી હોય કે વડોદરાના હરિણી તળાવમાં બોટમાં સેફટી સાધનો ન હોય તો તે ઊપડતી જ અટકાવવાની જવાબદારી કોની? બોટમાં દસ વ્યક્તિની જ છૂટ હોય છે ત્યાં અગિયારમા વ્યક્તિ ચડે ત્યારે જ કોણ રોકે? વર્ગખંડમાં ત્રીસ ઉપર એકત્રીસમા બાળકને એડમિશન આપતાં પહેલાં જયારે સંચાલક અટકે, અડધી રાત્રે પત્નીને મારીને ઘરની બહાર કાઢી મૂકતાં પહેલાં પતિના મનમાં જે અદૃશ્ય ડર ઉદ્દભવે તે કાયદાનું શાસન છે!

આજે બિલ્ડીંગનું નિર્માણ હોય, પુલનું નિર્માણ હોય, શાળાનો પ્રવાસ હોય કે ધાર્મિક, સામાજિક, રાજકીય મેળાવડા હોય, ક્યાંય કોઈને કાયદાનો ડર નથી! અને સરખું છે!' જો આવું વિચારીએ તો સમજાય છે કે મૂળભૂત રીતે 'કાયદાના શાસનનો અભાવ' એ આ તમામ ઘટનામાં સમાનપણે સ્પષ્ટ થાય છે.

જરા વિચારો.શટલ રીક્ષામાં અઠ દસ મુસાફર ભરાય ત્યારે એને કોણ રોકવાના? સ્કૂલ રીક્ષામાં દસ-વીસ બાળકો ભરાય છે તેને કોણે રોકવાના? રસ્તા પર ટેબલ ખુરશી લઈને બે લુખ્ખા બેસી જાય અને આવતાં-જતાં નાગરિકો પાસેથી રૂપિયા ઉઘરાવવા માંડે તો તેને કોણે રોકવાના? ખેતરોમાં ખૂલી જતી શાળા કોલેજો નિયંત્રિત કરવાની જવાબદારી કોની? બોટ આ દુર્ઘટનાઓ આ નફફટાઈનું પરિણામ છે.

ગુજરાતનાં છેલ્લાં ત્રીસ વર્ષથી એક જ પાર્ટીનું શાસન છે! માટે રાજકીય અહંકાર તેની ચરમ સપાટીએ છે! નિયમો, કાયદાઓ તો કાગળ ઉપર લખેલા જ છે!

પ્રશ્ન છે તેના અમલનો. શાળા કોલેજો શરૂ કરવા ચોક્કસ સવલતો યોગ્યતાવાળાં કર્મચારીઓ અનિવાર્ય શરત છે. પણ ઉપરથી એક ફોન આવે અને તમામ નીતિ નિયમો નેવે મૂકીને મંજૂરી આપી દેવામાં આવે!

બિલ્ડીંગમાં લીફટ હોય કે તળાવોમાં બોટીંગ હોય, સલામતી સાધનો અનિવાર્ય છે, પણ જયારે સત્તાવાળા અધિકારીઓને દબડાવે અને નિયમ ઉપરવટ જઈને 'લાયસન્સ' ઈસ્યુ કરાવે ત્યારે આવી દુર્ઘટના સર્જાય છે! મોરબીનો પુલ હોય કે અમદાવાદમાં ખોખરાનો બ્રિજ હોય, બધે જ 'ઉપરવાળાના ઓર્ડર' જ જવાબદાર છે.

છેલ્લે એક વાત એ કે બોટ ડૂબી જવાથી બાળકો મૃત્યુ પામ્યાં તે ભૌતિક ઘટના છે. પણ રમતના મેદાન વગર, પુસ્તકાલય વગર, પ્રયોગશાળા વગર, યોગ્યતાવાળાં શિક્ષકો-પ્રોફેસર વગર અનેક શાળા કોલેજો ચાલે છે. તેમાં હજારો વિદ્યાર્થીઓનાં ભવિષ્ય ડૂબેલાં જ છે! વર્તમાનમાં ડૂબ્યાં એ ભૌતિક ઘટનાની ખરેખર ચિંતા હોય તો આ ભવિષ્ય ડૂબતાં બચાવો. શાળા કોલેજ-હોસ્પિટલ -રસ્તા પુલ તમામની તપાસ કરાવો!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ભાડુઆતનું ભાંગડા નૃત્ય

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

હસવાની ઈચ્છા થાય ત્યારે મનને મારવું નહિ, પોતાનું નહિ તો કોઈનું પણ પેટ પકડીને હીહીહીહી કરી લેવાનું..! હસવા માટેના અનેક ધોરીમાર્ગ છે, એમાંથી એકાદ પકડી લેવાનો. કોઈ ભાડુઆત મકાન ખાલી નહિ કરતો હોય તો, એનું ભાંગડા નૃત્ય જોવાનું. એને મળશો તો કહેશે કે, ભાડે આપતી વખતે મકાન માલિકની શરત હતી કે, 'જે સ્થિતિમાં મકાન ભાડે આપ્યું એ જ સ્થિતિમાં મકાન પરત સુપ્રત કરવાનું રહેશે.' એના કપાળમાં કાંદા ફોડું, એટલાં ઊંદર-માંકડ-ચાંચડ-વંદા-પલવડા મળવા સહેલા છે યાર..? અને મળે તો પણ એ ખરીદવા માટે મને કોઈ બેંક લોન આપવાની છે..? જેને હસવું જ છે, એને આવી 'નોટ' માંથી પણ પેટ ભરીને હાસ્ય મળે..!

સંતો-કથાકારો-ભજનીકો છાશવારે કહે કે, શરીર ભાડાનું મકાન છે, ફેર એટલો કે, એમાં 11 મહિનાનો કોન્ટ્રાકટ થતો નથી, ભગવાન બોલાવે એટલે ચાલતી પકડવાની, ટાઈ-શૂટ કે જોડાં શોધવા પણ નહિ રોકાવાનું..! ઘડીનો પણ સમય નહિ આપે. મકાન હોય કે શરીર, માયા એવી ફરી વળે કે, ઝટ છોડવાનું કોઈને મન જ નહિ થાય. પૃથ્વી ઉપર શરીરને આવવાની ઉતાવળ ખરી પણ જવાની નહિ..! અહીં "સિઝેરિયન વગર કોઈ આવતું નથી, ને વેન્ટીલેટર વગર કોઈ જતું નથી." શ્વાસ ખૂટી ગયા હોય તો પણ ટકી જવા વેન્ટીલેટર પાસે મજુરી કરાવે..! સંપૂર્ણ સુવિધાવાળું ભવ્ય શરીર મળ્યું હોય તો કોને ખાલી કરવાની ઈચ્છા થાય? જેમાં નહિ ખીલા, સિમેન્ટ, રેતી, કપચી કે કોઈ જગ્યાએ ઝારણ કરેલો સાંધો જોવા મળે. શરીરમાં સઘળી વસ્તુ યથાસ્થાને..! સાંભળવા માટે કાન હોય, જોવા માટે આંખ હોય, શ્વાસ લેવા માટે નાક હોય, ને જમતી વખતે કોળીયો પીઠ પાછળ નહિ લઈ જવાનો, સામે જ મુખદ્વાર જેવું ઝાંપલુ હોય..! એમાં ખાધેલું પચાવવાની જવાબદારી તો પાછી માલિકની..! ભાડુઆત શરીરને રંગરોગાન કરી શકે, ચરબી વધારી શકે, લોહીનો ભરાવો કરી શકે, બાકી ખભામાંથી પિલર કાઢીને માથે 2 મજલા બાંધી નહિ શકે..! બાલ્કની જેવું પેટ કાઢવાની છૂટ..!

ભાડેનું મકાન રાખતી વખતે મકાન માલિક જેમ કેટલીક શરતો રાખે, એમ ભગવાને પણ ભાડાનું શરીર આપતા પહેલાં, શરત રાખેલી કે, 'સખણો રહેજે, હું બોલાવું ત્યારે ગુપચુપ આવી રહેવાનું. વેન્ટીલેટર ચઢાવીને કાકલુદી નહિ કરાવતો..! વાળ-દાંત- આંખ-કાન-ને ચટાકા ખંખેરવાની નોટીસ હું સમયે સમયે આપતો રહીશ. એ વખતે મંદિરમાં જઈને મારી સાથે સેલ્ફી કે, હાથમાં ભગવદ ગીતા પકડી કે દાન-દક્ષિણા આપીને ઉલ્લુ નહિ બનાવતો. એના કપાળમાં કાંદા ફોડું, બધાં પ્રકારની નોટીસ મળી હોવા છતાં, એવા નફગરાં કે, દીવ-દમણ ને આબુના આંટાફેરામાં કોઈ ઘટાડા નહિ થાય. ને પોલીસ ચોકીમાં ફોટા ચઢે નહિ ત્યાં સુધી જલસા ઘટે નહિ ..! માથે ટાલ પાડી હોય, દાંત ઉખેડી લીધા હોય, આંખે મોતિયા ઠેપી દીધાં હોય, કાનમાં પ્રવેશબંધી મૂકી દીધી હોય તેમ છતાં, 'ફેસબુક' નોંધારું પડી જવાનું હોય એમ, ફોટા મુકીને સ્ટેટસનો દેખાડો કરવાનું નહિ છોડે..! જે મા-બાપે શરીર મફતમાં આપ્યું હોય, એ વડીલો વૃધ્ધાશ્રમના ઓટલે બેસી છાપા ફેરવતા હોય, ને આ બંદો "મા-બાપને ભૂલશો નહિ" વાળું ગીત ગાઈને, રાગડા તાણીને જગતને સમજાવતો હોય..!

આ તો થઈ ભાડેના શરીરની કહાણી..! બાકી ભાડેનું મકાન મેળવવું એટલે, ભાજપામાંથી ચૂંટણી લડવા જેટલું સહેલું નથી..! બોચીનો પરસેવો પગની ઘૂંટી સુધી ઊતરી આવે. શરીરના મકાન માલિકને તો કોઈએ જોયો જ નથી. એટલે 2 આંખની શરમ પણ નહિ નડે. મકાન માલિક તો મહિનાનું પાનું ફેરવાયું, એટલે સામે ઉભો જ હોય..! બોસ..! મકાન ભાડે મેળવવું એટલે રાવણના મોઢે શ્રીરામ બોલાવવા જેટલું કપરું..! એકાદ મકાન ભાડે મળી જાય તો જાણે, હબસીઓના ટોળામાંથી સગપણ માટે એશ્વર્યારાયની નાની બેન જેવી કન્યાનું માંગુ આવ્યું હોય એટલો લાપસી-લાપસી થઇ જાય. બાકી પૈણવા માટે કન્યા ગોતવામાં ઘરડા થઇ ગયાના દાખલા ઓછા નથી. અમારા ચમનીયાએ અડધી સદી કાઢી નાંખી છતાં હાડકે પીઠી લાગી નથી. વીજળી-ટેલીફોનના બીલ આવે, પણ કોઈના માંગા નહિ આવે. હજી આજે પણ ઉકરડે બેસીને પતંગિયા પકડે છે બોલ્લો..! એમ ભાડેનું

ભાડેનું મકાન શોધવા નીકળીએ ત્યારે જ પત્નીની કિંમત પણ સમજાય. બાકી જેને વાઈફ જ નહિ હોય, એવા લુખેશને દુનિયાના વિઝા મળે પણ સહેલાઈથી ભાડેનું મકાન નહિ મળે

મકાન આપતા પહેલાં મકાન માલિક પણ શાખ તો માંગે ને મામૂ..!મુદ્દાની વાત એ કે, ભાડેનું મકાન શોધવા નીકળીએ ત્યારે જ પત્નીની કિંમત પણ સમજાય. બાકી જેને વાઈફ જ નહિ હોય, એવા લુખેશને દુનિયાના વિઝા મળે પણ સહેલાઈથી ભાડેનું મકાન નહિ મળે. ફાંફા જ પડે..! પત્નીને અમસ્તી ગૃહલક્ષ્મી કહી છે..? મકાન માલિક પણ વિચારે ને કે, જેને કોઈ કન્યા આપતું નથી, એને ભાડેનું મકાન આપીને ધંધે લાગી ગયા તો..? વાઈફ પોષવાના ઠેકાણા નહિ હોય, ને ભાડાનું મકાન આપી ભેરવાય ગયા તો..? એમાં પાછા કૂતરો પાળે..! કૂતરાની શાખ ઉપર કોણ ઘર ભાડે આપે..? 14 ઈન્જેક્શન લેવાની ક્ષમતાવાળો પાડોશી પણ હોવો જોઈએ ને..? આટલું પુરતું ના હોય એમ, પાછો ગાયક કલાકાર હોય..! અડધી રાતે રિયાઝ કરવાનો થયો તો, પાડોશીની ઊંઘ બરફ કરી નાંખે. જ્યાં પોતે જ ભાડે ફરતો હોય, એ ઘરનું ભાડું શું ચૂકવવાનો, એવી શંકા પણ જાય ને મામૂ..?

એક દાખલો આપું. ભારતને આઝાદી મળવા પહેલા રતનજીએ કાકલૂદી કરીને એક મકાન માલિકનું ભાડે રાખેલું. ત્યારે કહેલું કે, ' મેરે છોટે છોટે 4 બચ્ચે હૈ, મુઝે રહને કે લીએ મકાન દો માલિક..! માલિક એવો ભેરવાયો કે, હવે મકાન માલિકે કાલાવાલા કરવા પડે છે કે, "મેરે છોટે છોટે 12 બચ્ચે ઔર બુઢે મા-બાપ હૈ, મુઝે મેરા મકાન વાપસ કરદો, ઠાકુર..!" દેડકી સાપના માથે ચઢી ગઈ..! ને પેલા બંદાએ ભાડેના મકાનમાં આખી ગોલ્ડન જ્યુબીલી કાઢી નાંખી, ને વસ્તી વધારો આપ્યો તે અલગ..! બાકી આજની તારીખે રતનજી પોશ વિસ્તારમાં 12 બેડરૂમનો બંગલો ખરીદી શકે એટલો આસામી છે, છતાં ભાડેનું મકાન છોડતો નથી. અત્યારે એક ડઝન લોકો એમાં ટૂંટિયું વાળીને જીવે છે. સારાં સારાં માણસોએ ઘણું સમજાવ્યુ કે 'ચમના, આ ઘર તને હવે નાનું પડે. તો કહે, 'ટૂંટિયુંવાળીને સુઈ રહીએ તો પિછોડી પણ ટૂંકી નહિ પડે..! ' એના કપાળમાં કાંદા ફોડે..! મારે તો આ ભાડેના મકાનમાં શતાબ્દી કાઢવી છે..! ભાડુઆત ભાડેના મકાનમાં એશ કરતો હોય, ને અત્યારે મકાન માલિકના વંશજો કોઈ બીજાના ભાડેના ઘરમાં મચ્છર મારે તો કેવું લાગે મામૂ, બોલ્લો..!

લાસ્ટ ધ બોલ

એક વાત છે, મકાન ભાડે જ લેવું હોય તો, સુપર સ્ટાર અમિતાભ બચ્ચન, શારુખ ખાન, સલમાન ખાન કે દીપિકા પાદુકોણની પડોશમાં જ લેવાય. દીપિકા પાદુકોણ એક વાટકી ખાંડ લેવા આવે તો આપણો વટ તો પડી જાય..!

એના કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

રેશનાલિઝમનો સુંદર પર્યાય

હાલમાં જ ભાઇ પ્રેમ સુમેસરાનું સુંદર ચર્ચાત્ર વાંચ્યું. જેમાં તેમણે રેશનાલિઝમનો સુંદર પર્યાય શબ્દ વિવેક બુધ્ધિવાદ છે. તેના વિષે જણાવ્યું છે. નકરી બુધ્ધિ અથવા અવળી દિશામાં ચાલતી બુધ્ધિ નુકશાનકારક છે. તે વ્યકિત ભરેલો છે છતાં ગણેલો નથી એના અસંખ્ય ઉદાહરણ છે. બુધ્ધિના ત્રણ પ્રકાર વિષે પણ યોગ્ય માર્ગદર્શન આપ્યું. ઓસામાબિન લાદેન ભલે એન્જીનિયર ભરેલો હતો પણ બુધ્ધિનો દૂરઉપયોગ કર્યો. તે યુગમાં આપણે રાવણને કિ કેટેગરીમાં મુકશું? રાવણ પ્રચંડ વિદ્વાનહતો તેમણે રચેલુ શિવ તાંડવ સ્ત્રોત સમજવામાં મુશ્કેલી અનુભવે કહેવાય છે કે રાવણની બુદ્ધિ તામસીક હતી. રાવણના જીવનનું અંતિમ લક્ષય રામને પામવા માટેનું નક્કી હતું. તે રામને વેર ભાવે ભજતો હતો. જીવનમાં આપણે કોઇને વેર ભાવે ભજીએ તો પણ પામી જઇએ અને આખરે રામના હાથે જ મૃત્યુ થતા તે તરી ગયો અને તેના જીવનનું અંતિમ લક્ષય પામ્યો. આપણા જીવનનું લક્ષય જ નક્કી નથી અને ફેરો ફોગટ થયો ગણાય માટે જ કોઇએ કહ્યું છે રાવણ બનીને મારે રામ સાથે લડવું છે જીંદગીનું એ જોખમ મને ગમે છે.

સુરત - ઉદય ઠાકર

બનાસકાંઠા જિલ્લામાં હીરાઉદ્યોગ મરણ પથારીએ

બનાસકાંઠા જિલ્લામાં એક સમયે 1300 (એક હજાર ત્રણસો) જેટલા હીરાના કારખાના કાર્યરત હતા. જેમાં હજારોની સંખ્યામાં રોજમદારો રોજી મેળવતા હતા. પરંતુ આજે 1300 હીરાના કારખાનાઓમાંથી માત્ર 400 (ચારસો) જ હીરાના કારખાનાઓ કાર્યરત છે. હીરાના કારખાનાઓ બંધ થવાથી હીરા ઘસતા કારીગરોની હાલત દયનીય બની છે. અને નાછૂટકે અન્ય મજૂરીકામ કરવા મજબૂર બન્યા છે. જો હીરા ઉદ્યોગ વિકાસ નિગમની રચના કરવામાં આવે તો આ ઉદ્યોગ ફરી બેઠો થઈ શકે તેમ છે. આ અંગે માંગણી પણ થઈ છે. તો સરકારે યોગ્ય ઘટતા પગલાંઓ લેવાની તાતી જરૂર છે. બનાસકાંઠા જિલ્લાનો અને પાલનપુરનો મુખ્ય ઉદ્યોગ હીરાનો રહ્યો છે. આ ઉદ્યોગ ફરીથી ધમધમતો થાય તેવી ખૂબ જ તીવ્ર લાગણી હીરાના કારીગર વર્ગમાં પ્રર્વતી રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધ બાદ હમાસ-ઈઝરાયેલ યુદ્ધે હીરાઉદ્યોગની કમર તોડી નાંખી છે. તેને (ઉદ્યોગને) ઉગારવાની તાતી જરૂર છે.

પાલનપુર - મહેશ વી. વ્યાસ

'રામ એક, સ્થાન અનેક' પિંડ પિંડમાં રામ છે, આત્મારામ નામ છે!

શ્રીરામજીના વ્યક્તિત્વમાં બધા સદ્ગુણો એકત્રિત થયા છે. એટલે સદ્ગુણોની પરિસીમા થઇ છે. એટલે જ શ્રીરામને 'મર્યાદાપુરુષોત્તમ' કહેવામાં આવે છે. આવો પૂર્ણ સદ્ગુમી પુરુષ મળવો સર્વથૈવ અશક્ય વાન છે. 'રામ' એકમેવ રામ છે. વિશ્વમાં અનેક સ્થાનો પર રામોત્સવ થાય છે. તેની નોંધ લેવા જેવી છે. શ્રી વિષ્ણુના દસ અવતારોમાં સાતમો માનવરૂપ અવતાર અયોધ્યાપતિ શ્રી રામનો છે જેની ભવ્ય દિવ્ય કિર્તિપતાકા વિશ્વમાં ફરકી રહી છે. જયશ્રી રામનો જયઘોષથઇ રહ્યો છે. બ્રહ્મદેશમાં 'રામાવતી'નામનું રાંદેર હજારો વર્ષ પૂર્વે સ્થાપિત છે. ત્યાં અમરપુર ગામમાં વિહાર સ્થાન પર શ્રી રામના ચિત્રો દોરવામાં આવ્યા છે. મેગત શહેરમાં નાથલિંગ મંદિરમાં ધનુર્ધારી રામની સુંદર મુર્તિ છે. બ્રહ્મદેશમાં ખોદકામ થયું ત્યારે અનેક શ્રી રામની મૂર્તિ મી છે. ત્યાના કાવ્યગ્રંથમાં 'રામાયણ' આ ગ્રંથને વિશેષ મહત્વ છે. 'રામયાણ' એટલે જેમાં રામનું ચરિત્ર માન છે એવું 'રામાયણ' શ્રી ગીતા રામાયણ. સયામ પ્રાન્તમાં કોઇપણ રાજા પોતાના નામ સાથે સમાધિ પતિ આ પદની લગાવે છે. દાખલા તરીકે સુખદેવ રામ, મહામતંગ રાજા, મહાબ્રજબુદ્ધરામ તેમજ અહીં લવપુરી નામે શહેર છે. સયામના પ્રાચીન રાજધાનીનું નામ 'અયોધ્યા' હતું પ્રાચીન મંદિરોમાં આજે પણ શ્રી રામ વિષયક છે. ચિત્રો જોવા મલે છે.અને શેરીઓમાં રામલીલા